

**આકોલીનો મુખ્ય માર્ગ ક્યારે પૂર્ણ થશે ? અનેક રજૂઆતો છતા પરિણામ શૂન્ય**

કાંકરેજ તાલુકાના આકોલી ખાતે ઠાકોર વાસનો મુખ્ય માર્ગ વર્ષોથી અધુરો છોડી દેવામાં આવ્યો છે. જે તંત્ર દ્વારા પુરો ક્યારે કરવામાં આવશે તેવા પ્રશ્નો ઉઠવ્યા પામ્યા છે. તાલુકાના આકોલી ગામમાં શિહોરી-દિયોદર રોડ ઠાકોરવાસમાં જવાનો મુખ્ય માર્ગ છે. જે વર્ષોથી અધુરો મુકવામાં આવ્યો છે અને તંત્ર દ્વારા ઓરમાયુ વર્તન કરવામાં આવે છે. ગ્રામજનો દ્વારા અનેક વખત રજુઆતો કરવામાં આવી છે તેમાં ધારાસભ્ય ભગતસિંહ વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ શાહ પાસે અનેક વખત લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં આંખ આડા કાન કરવામાં આવે છે ત્યારે ગ્રામજનોની હાલીકીનો અંત ઝડપથી આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. (તસવીર : હેમુભા વાઘેલા, શિહોરી)

# ભારત-પાકિસ્તાન સરહદે નડાબેટના રણમાં 'સરહદ કો પ્રણામ' કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા.૨૦

ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદે આવેલા નડાબેટ ખાતે આજે 'સરહદ કો પ્રણામ' કાર્યક્રમ યોજાશે. સામાન્ય રીતે સરહદનું નિરીક્ષણ કરવા માટે લોકો વાઘા બોર્ડર જતા હોય છે. પરંતુ સુઈ ગામ તાલુકાના નડાબેટ ગામેથી આગળ અફાટ રણમાં સીમા જનકલ્યાણ સમિતિ અને જિલ્લાના વહીવટીતંત્રના ઉપક્રમે આજે વિવિધ પ્રકારની અશ્વ સ્પર્ધાઓ તેમજ ઉંટ સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓમાં જિલ્લાના વિવિધ સ્થળોથી પાણીદાર ઘોડે સવારો તેમજ જિલ્લા પોલીસતંત્રમાં પોલીસદળના અશ્વસવારો પોતાનાં કૌવત રજુ કરશે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા નડેશ્વરીમાતા, લુણેશ્વર મહાદેવ, કપીલેશ્વર મહાદેવ, મુળેશ્વર મહાદેવ જેવા પ્રાચીન મંદિરો તેમજ આ વિસ્તારનું દુર્લભ ઘુડખર પ્રાણીનું અભ્યારણ પણ આવેલું છે. જેને લઈને ધાર્મિક, સરહદી તેમજ પ્રાકૃતિક વિષયોમાં આસ્થા ધરાવનારા લોકોમાં આ વિસ્તારમાં ભારે ઉત્સાહ જોવા મળતો હોય છે. આગામી સમયમાં આ વિસ્તારનો ટુરીઝમ ઉદ્યોગ ધમ ધમે તે માટે ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા અનેક કાર્યક્રમો હાથ ધરાયા છે.

સીમા જનકલ્યાણ સમિતિ અને જિલ્લાના વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે 'સરહદ કો પ્રણામ' કાર્યક્રમનું આયોજન થતાં આ વિસ્તારના અશ્વબાજોમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. આ પ્રસંગે ભારત-પાક સરહદના નિરીક્ષણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે સીમા જનકલ્યાણ સમિતિ ગુજરાતના પ્રમુખ જયંતિભાઈ ભાડેસીયા, વાવ વિસ્તારના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી, થરાદના મદદનીશ કલેકટર સુજીતકુમાર (આઈએએસ), યુવા મોરચાના પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા સહીત રાજયના યુવાનો પણ ઉપસ્થિત રહેશે.

# પ્રાંતિજમાં હડકાયા કૂતરાનો આતંક

## હડકાયા કૂતરાએ ૭ વ્યક્તિઓને, ૩ કૂતરા અને એક ગાયને બચકા ભરી લોહી લુહાણ કરી દીધા હતા

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજમાં બે-ત્રણ દિવસથી એક હડકાયા કૂતરાએ ભારે આતંક મચાવ્યો છે. ૭ વ્યક્તિઓ એક ગાય અને ત્રણ કૂતરા આ હડકાયા કૂતરાનો ભોગ બન્યા હતા. કૂતરૂ આવ્યું... ના ભયથી રહીશો મુઠ્ઠીવાળીને દોડવા માંડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ બજાર ચોક અને સિનેમા માર્ગ વચ્ચે આવેલ સોસાયટી વિસ્તારમાં છેલ્લા ત્રણેક દિવસથી એક કૂતરાને હડકવા ઉપડતા કૂતરૂ કરડવાના કિસ્સાઓ નોંધાયા હતા. જેમાં હડકાયા કૂતરાએ અન્ય એક ગાય અને ત્રણ કૂતરાને પણ બચકા ભર્યા હતા. આથી સમગ્ર વિસ્તારમાં જ્યાં કોઈ કૂતરૂ નજરે પડતા જ રહીશો ભાગદોડ મચાવી મુકે છે. કૂતરાના આતંક વચ્ચે લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે.

# પ્રાંતિજમાં તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ સુન્ની મુસ્લીમ વ્હોરા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા વાર્ષિક ઈનામોત્સવ કાર્યક્રમ તાજેતરમાં સુન્ની વ્હોરા જમાતખાનામાં રાખવામાં આવ્યો હતો.

આ વાર્ષિક ઈનામોત્સવમાં ધોરણ ૧ થી ૧૨ તથા ઉચ્ચ ડિગ્રી મેળવતા તેજસ્વી તારલાઓને ઈનામ તેમજ મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એસ.એચ.વી. સોસાયટીના પ્રમુખ ઉમર એફ. મુન્શી મુખ્ય મહેમાન તરીકે ડૉ. હબીબુર રહેમાન એ ભુરાવાલા, ડૉ. શાહીદ રઝા, પ્રિ. એચ.જી. પટેલ, ડૉ. ઉસ્માનગની છાલોટીયા, એ.એ. વોરા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને શૈક્ષણિક માર્ગદર્શન તથા ઉચ્ચ કારકિર્દી ઘડવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના વડીલો યુવાનો બહેનો તથા ભણતા વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

# ઊંચીધનાલના મેડીકલ ઓફિસરની આખરે બદલી

ખેડબ્રહ્મા, તા.૨૦

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચી ધનાલ પ્રાથમિક કેન્દ્રના મેડીકલ ઓફીસરની અઘટીત માગણીઓ તથા બિભત્સ વર્તનથી વાજ આવી ફીમેલ હેલ્થ વર્કર તથા ત્રણ આશા વર્કર બહેનોએ ડોકટરની વિરૂધ્ધમાં પગલાં ભરવા ડીડીઓને લેખિતમાં રજુઆત કરી હતી. જેને લઈ સોમવારના રોજ ડૉકટરની બદલી કરી દેવામાં આવી હતી.

આ અંગે ઉંચી ધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આંબાઈગઢા ગામમાં કાર્યરત હેલ્થ વર્કર ભાંભી વાંસતીબેન જીવાભાઈ તથા આશા વર્કરો જયોત્સનાબેન ભાવેશભાઈ, ખાંટ હંસાબેન નરસિંહભાઈ, પરમાર વર્ષાબેન કનુભાઈએ ડીડીઓ તથા જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિત રજુઆત કરી ડૉ. ચંદ્રપ્રકાશ ગંગારામ મકવાણા ફરજ દરમિયાન આશા વર્કરોને સબસેન્ટરમાં બોલાવી બિભત્સ માંગણીઓ કરતા હતા જેને લઈ તેમની વિરૂધ્ધ લેખિત રજુઆત કરવામાં આવી હતી.

આ રજુઆતના પગલે સમાચારનો પડઘો પડયો હતો અને ડૉકટરની તાત્કાલીક બદલી કરી દેવામાં આવી હતી.

આ અંગે ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ ઓફીસર હિતેન્દ્ર ગઢવીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ડૉ. ચંદ્રપ્રકાશ મકવાણાની ઉંચી ધનાલથી પ્રા. આરોગ્ય કેન્દ્ર લુસડીયાના ભિલોડા ખાતે બદલી કરવામાં આવેલ છે. અને લુસડીયાના મેડીકલ ઓફીસર એ.ડી. દિવાનની ઉંચી ધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અરસપરસ બદલી કરી દેવામાં આવી હતી.

# વિસ્મય સામે દરરોજ ટ્રાયલ ચલાવવા અર્થે કોર્ટમાં અરજી

અમદાવાદ, તા.૨૦

ચકચારી બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસમાં આરોપી અને હાલ જેલના સળીયા પાછળ ધકેલાયેલા વિસ્મય શાહ સામે દરરોજ ટ્રાયલ ચલાવવા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી ૧લી ફેબ્રુઆરીથી યોજાશે. ઉલ્લેખનીય છે કે વિસ્મય શાહ છેલ્લા ૧૧ મહિનાથી જેલમાં બંધ છે. વિસ્યમના ૧૦ વખત જામીન રિજેકટ થઈ ચુક્યા છે. હવે આગામી ૧લી ફેબ્રુઆરીથી અરજીની સુનાવણી હાથ ધરાશે. ગત વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ૧૧૨ કિ.મી.ની ઝડપે બીએમડબલ્યુ કાર હંકારી બે આશાસ્પદ યુવાનો શિવમ અને રાહુલ પટેલનો વિસ્યમ શાહે જીવ લીધો હતો. વિસ્મય શાહ સામે હવે દરરોજ કેસની ટ્રાયલ ચલાવવા ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં અરજી થઈ છે.



**ડીગ્રી વગર સારવાર કરતા બોગસ મુન્નાભાઈ ઝડપાયા**

ધાનેરા તાલુકાના ડિગ્રી વગરના તબીબો ઠેરઠેર હાટડીઓ ખોલીને નાગરિકોના સ્વાસ્થ સાથે ચેડા કરતા ડૉક્ટરોનો રાફડો ફાટ્યો છે ત્યારે તાલુકાના નેનાવા ખાતે ડિગ્રી વગરના ડૉક્ટરને પકડી પાડવામાં આવ્યો છે. ધાનેરા તાલુકાના નેનાવા ખાતે ડૉ. કમલેશ શર્મા પોતાનું દવાખાનુ ચલાવતા હતા. ત્યારે જિલ્લા આરોગ્યની ટીમે રેડ પાડી પુછપરછ કરતા ડૉ. શર્મા ડિગ્રીવગર સારવાર કરતા માલુમ પડતા તેમની સામે ગુજરાત મેડીકલ પ્રેક્ટીશનલ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦/૩૭ તેમજ આઈપીસી ૪૦૬, ૪૨૦ દાખલ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બોગસ ડૉક્ટર પકડવાની ઘટનાથી તાલુકામાં વગર ડીગ્રીએ સારવાર કરતા તબીબોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અને તાલુકાની જનતામાં ચર્ચા થવા પામી છે કે હજુ ઘણા બોગસ તબીબો છે. જેમની સામે પણ કાયદેસરના પગલા ભરવા જોઈએ. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# પાટણના ખલીપુર પાસેની ઝાડીઓમાંથી નવજાત શિશુ મળી આવતા ચકચાર

પાટણ, તા.૨૦

પાટણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નવજાત તરછોડાયેલા શિશુઓ મળી આવવાની ઘટનાઓ અવાર નવાર પ્રકાશમાં આવે છે ત્યારે આજે વધુ એક આવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાટણથી ૩ કિ.મી.ના અંતરે આવેલ ખણીપુર નજીક આજે તાજુ જન્મેલ બાળક મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાટણ તાલુકાના ખલીપુર ચોકડીથી શેરપુરા જવાના માર્ગ પર ઝાડીઓમાંથી નવજાત શિશુ રડતું હતું ત્યારે માર્ગ પરથી પસાર થતા એક રાહદારી રાજુભાઈના કાને બાળકના રડવાનો અવાજ આવતા જ ચોંકી ગયા હતા. અને આજુબાજુમાં નજર નાંખી હતી પરંતુ કોઈ નજરે ન પડયું હતું. બાદમાં થોડી વધુ તપાસ કરતાં ખુલ્લામાં નવજાત શિશુ નજરે પડયું હતું. આથી તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તાબડતોબ ૧૦૮ ઘટના સ્થળે દોડી આવી નવજાત શિશુને સારવાર અર્થે પાટણ સિવિલમાં લઈ જવામાં આવ્યું હતું. જયાં ડોકટરોની ટીમ દ્વારા શિશુની સારવાર ચાલી રહી છે.

# પિતા-પુત્રની બાઈક અથડાવી લૂંટારા ચાર લાખ લઈ ફરાર

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરના શિવરંજની વિસ્તાર પાસે બનેલ લૂંટ-હત્યાના મામલાને હજુ પખવાડીયું પણ નથી થયું ત્યાં લૂંટની વધુ એક ઘટના સિરામીકના હબ ગણાતા મોરબીમાં બનવા પામી છે. બેંકમાંથી અંદાજે ચાર લાખ જેટલી રોકડ ઉઠાવીને બાઈક પર જતા પિતા-પુત્ર સાથે બાઈક અથડાવીને તરત જ લૂંટારાઓ ચાર લાખ રોકડ લઈ રફુચક્કર થઈ ગયા હતા. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, મોબરીમાં રહેલા પ્રહલાદસિંહ ઝાલા અને તેમનો પુત્ર આજે બપોરે બેંકમાંથી રૂપિયા ચાર લાખની રકમ થેલામાં લઈને બાઈક પર ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે પિતા-પુત્ર ખાટકીવાસ નાકા પાસે પહોંચ્યા ત્યારે સામેથી બાઈક પર આવેલા બે શખ્સોએ બાઈક અથડાવી અકસ્માત સર્જાયો. જેથી પિતા-પુત્ર બંને જમીન પર ઢળી પડ્યા હતા. હજુ પિતા-પુત્ર કંઈ સમજે તે પહેલાં જ ક્ષણભરમાં અકસ્માત સર્જનાર બાઈક સવારોએ રોકડ ભરેલો થેલો ઝુંટવીને લોકો વચ્ચેથી ફરાર થઈ ગયા હતા. એકાએક બનેલી આ ઘટનાના પગલે પિતા-પુત્રના હોશકોશ ઉડી ગયા હતા.

# તલોદમાં રહેતા સેંકડો ઝુંપડપટ્ટીવાસીઓ વર્ષો વિજ જોડાણ માટે વલખા મારે છે

## તંત્રને અનેક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય

તલોદા, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર વિસ્તારમાં રહેતા સેંકડો ઝુંપડપટ્ટીવાસી પરિવારો વર્ષોથી વિજ જોડાણ મેળવવા વલખાં મારી રહ્યા હોવાનું જાણવા મળેલ છે. રાજ્ય સરકારે ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના છેવાડાના ભાગે આવેલ ઝુંપડાઓને જ નહિ બલ્કે કોઈપણ ભાગમાં આવેલ ઝુંપડામાં કેટલીક શરતોને આધિન વિજ પુરવઠો પુરો પાડવાનું સને ૧૯૯૬ અને ૧૯૯૯માં ઠરાવેલ હતુ. જેથી રાજ્ય સરકારની આ યોજના હેઠળ તલોદ પંથકના ઝુંપડવાસી પરિવારોએ વિજ જોડાણ મેળવવા અરજી પણ કરી હતી. જે માટે નગરપાલિકાએ પણ જે તે અરજદારોને વિજજોડાણો પુરા પાડવા ઉત્તર ગુજરાત વિજ કુ.ની કચેરી તલોદના નાયબ ઈજનેરને ભલામણો પણ કરી હતી. તેમ છતાં વિજતંત્ર તરફથી ઝુંપડપટ્ટી વસાહતોના પછાત વર્ગના પરિવારોને વિજ પુરવઠો પુરો પાડવામાં નહિ આવતા રાજ્ય સરકારની લોકભોગ્ય યોજનાઓ આમ પ્રજા સુધી અને સાચા બીપીએલ લાભાર્થીઓ સુધી નહિ પહોંચતી હોવાની બૂમરાણ ઉઠવા પામી છે.

ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં આવેલ ઝુંપડામાં રહેતા કુટુંબોને વિજળીની સગવડ પુરી પાડવા રાજ્ય સરકારે તા. ૧૬-૨-૧૯૯૬માં એક ઠરાવ કર્યો હતો. જેમાં તા. ૧૬-૬-૧૯૯૯ થી કેટલાક મહત્વના સુધારા સહિતનો ઠરાવ પણ કરવામાં આવ્યો હતો. વાર્ષિક રૂ. ૧૧૦૦૦ કરતા ઓછી આવક ધરાવતા ઝુંપડામાં રહેતા તમામ જાતીના લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાનો રાજ્ય સરકારે 'સ્તુત્ય' નિર્ણય કરેલ. પરંતુ તેનો અમલ કેટલાક જવાબદાર અધિકારીઓની નીતિરીતિને કારણે તથા કથિત કાયદાઓની આંટીઘૂંટીને કારણે નહિ થતો હોવાનું તલોદ નગર વિસ્તારના અંધકારમાં જીવન વ્યતિત કરતા ઝુંપડાવાસી પરિવારોની અવદશા પરથી પુરવાર થાય છે. તલોદ નગર વિસ્તારમાં રહેતા સેંકડો ઝુંપડાઓની વસાહતની પ્રજાની વિજજોડાણો મેળવવાની માંગ છે. તા. ૨૮-૧૨-૨૦૧૧થી તા. ૧૧-૧-૨૦૨૩ સુધીમાં કુલ ૧૨૯ ઝુંપડાવાસીઓને વિજજોડાણો પુરા પાડવા તલોદ નગરપાલિકાએ ભલામણ પણ કરેલ છે. સરકારની ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત શહેરી વિસ્તારમાં આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારમાં વિજજોડાણ આપવા નગરપાલિકાએ ઉ.ગુ. વિજ કંપનીને ભલામણો કરીને જે તે વખતે તે સાથે બીપીએલ લાભાર્થીઓની યાદી પણ સામેલ કરી હોવાનું જાણવા મળેલ છે. તેમ છતાં એન.કેન. પ્રકરેણ વિજ કંપની તરફથી વિજજોડાણો નહિ આપીને ઝુંપડપટ્ટી વસાહતને ભારે અન્યાય કર્યો હોવાનું ચર્ચામાં રહ્યું છે. જે ઝુંપડવાસીઓને આજે પણ ન્યાય મળ્યો નથી.

અત્રે એ નોંધનીય છે કે, ઝુંપડામાં વિજ પુરવઠો પુરો પાડવા સરકારી યોજના અંતર્ગત જ્યાં જરૂર જણાય ત્યાં નવી લાઈન નાકવા, નવા ફિડરો નાખવા કે ફિડરોની ક્ષમતા વધારવા સહિતના 'સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ'ના કામો કરી શકાશે તેવો ઠરાવ રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગે કરેલ છે તેમ છતાં શરતી વિજજોડાણો આપવામાં પણ શા માટે વિજ કંપનીની તલોદ કચેરી તરફથી નકારાત્મક અભિગમ દાખવવામાં આવે છે તેવો સવાલ પેદા થયો છે.



જેમ જેમ આમ આદમી પાર્ટીનો પ્રચાર વેગ વધી રહ્યો છે તેમ તેમ અન્ય પક્ષોમાંથી લોકો પણ હવે તેમાં જોડાઈ રહ્યા છે. ત્યારે ધાનેરાના ભાજપના સક્રિય કાર્યકર્તા અર્જુનભાઈ રાવલ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતા. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)



**ડીસા પોલીસ મથકથી રાજપુર જતા માર્ગમાં ટ્રાફીક સમસ્યાથી વાહનચાલકો પરેશાન**

ડીસામાં પોલીસ સ્ટેશનથી રાજપુર જતા માર્ગમાં આવેલી દુકાનો અને ગોડાઉનોમાં માલ ઉતારવા માટે આવતી ટ્રકો તેમજ અન્ય ભારે વાહનોને કારણે ટ્રાફીક સમસ્યા જટીલ બનતા વાહનચાલકો પરેશાની વેઠી રહ્યા છે. રાજપુર જતા માર્ગમાં માલ ઉતારવા માટે આવતી ટ્રાન્સપોર્ટની ટ્રકોને કારણે વાહનચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. ટ્રાન્સપોર્ટની ટ્રકો દ્વારા વેપારીઓને ત્યાં કલાકો સુધી માલ ઉતારવામાં આવે છે. આ ટ્રકો રોડમાં ઉભી રાખવામાં આવે છે. જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો ટ્રાફીકમાં અટવાય છે. જાહેરમાર્ગો પર ઉભી રહેતી ટ્રકોને કારણે રહીશો અને વેપારીઓ વચ્ચે અવારનવાર મામલો ગરમાયો હોવાના ભૂતકાળમાં બનાવો બની ચુકયા છે પરંતુ પોલીસ દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ટ્રાફીકની સમસ્યાને કારણે અકસ્માતના બનાવ પણ અવારનવાર બને છે ત્યારે ટ્રાફીક પોલીસ દ્વારા આ બાબતની નોંધ લઈ ટ્રકો સામે કાયદેસરના પગલાં ભરવામાં આવે તેવી લોકોની માંગણી છે. (તસવીર : કાન્તિલાલ લોધા)

# સાક્ષીના નિવેદનના આધારે શખ્સોના આખરે સ્કેચ તૈયાર

અમદાવાદ, તા.૨૦

હિતેશ ઝવેરી હત્યા કેસમાં પોલીસની ઉંડી તપાસ ચાલી રહી હોવા છતાં હજુ કોઈ પુરાવા સપાટી પર આવી રહ્યા નથી. જુદા જુદા એંગલથી પોલીસ તપાસ કરી રહી છે. અન્ય રાજ્યોમાં પણ આ મામલાને લઈને તપાસ થઈ રહી છે પરંતુ હજુ સુધી કોઈ સફળતા હાથ ન લાગતા હવે નવી રણનીતિ અપનાવવામાં આવી છે જેના ભાગરૂપે હત્યા અને લૂંટમાં સામેલ શખ્સોના સાક્ષીઓના નિવેદનના આધારે સ્કેચ જારી કરાયા છે. વાસી ઉત્તરાયણના દિવસે શિવરંજની બ્રીજ નીચે બનેલી ચકચારી લૂંટ અને હત્યાના મામલામાં પ્રત્યદર્શીઓના નિવેદનના આધારે આરોપીઓના અંતે સ્કેચ તૈયાર કરાયા છે. સુરતના સ્કેચ નિષ્ણાંતની મદદથી આરોપીઓના સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે જ પોલીસે આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે નોંધનીય બાબત છે કે શિવરંજની પાસે કરોડની થયેલ લૂંટ અને હત્યાના મામલાની ગંભીરતાને પગલે આ મામલાની તપાસ શહેરના ક્રાઈમ બ્રાચને સોંપવાની ફરજ પડી હતી. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, સુરતના સ્કેચ નિષ્ણાંત દ્વારા તૈયાર કરાયેલા સ્કેચને સોશિયલ મિડીયાની મદદ લઈને સ્કેચને વેબસાઈટ પર મુકવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન